**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.30-૧૨-૦૮ ને મંગળવારના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે મળેલ ૨૦૨ મી બેઠકની કાર્યવાહી નોંધ :**

બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| | | | |
|---|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા. | : | અધ્યક્ષશ્રી |
| (૨) | સંયુકત સચિવશ્રી,<br>શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ<br>ગાંધીનગર. | : | સભ્યશ્રી |
| (3) | કલેકટરશ્રી,<br>વડોદરા. | : | સભ્યશ્રી |
| (૪) | કમિશ્નરશ્રી<br>મહાનગર સેવાસદન, વડોદરા.<br>વડોદરા | : | સભ્યશ્રી |
| (૫) | સીની.ટાઉનપ્લાનરશ્રી,<br>મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજયના<br>પ્રતિનિધિ | : | સભ્યશ્રી |
| (૬) | સીટી એન્જીયરશ્રી<br>મહાનગર સેવાસદન, વડોદરા.<br>વડોદરા | : | સભ્યશ્રી |
| (૭) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ,<br>વડોદરા. | : | સભ્ય-સચિવશ્રી |

બેઠકમાં કોરમ થવાથી નીચેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**મુદ્દા નંબર (૧) :** સત્તામંડળની તા.૨૮/૮/૨૦૦૮ ની ૨૦૧ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.

સત્તામંડળની તા.૨૮/૦૮/૨૦૦૮ ની ૨૦૧ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર નં.યુડીએ/મિટિંગ/૮૯૫/૨૦૦૮ તા.૧૫/૦૯/૨૦૦૮ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે, જે અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૧૯૩૧):</u>** સત્તામંડળની તા.૨૮/૮/૨૦૦૮ ની ૨૦૧ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૨) : સત્તામંડળની તા ૧૬/૫/૦૮ ની ૨૦૦ મી બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૬/૫/૦૮ ની ૨૦૦ મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગત આ સાથેના પત્રકમાં દર્શાવેલ છે. જે અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૩૨):** સત્તામંડળની તા.૧૫/૫/૨૦૦૮ ની ૨૦૦ મી બેઠકમાં થયેલ ઠરાવોની વિગતો પર થયેલ અમલીકરણની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદ્દા નંબર (3) : સત્તામંડળના માહે જુલાઈ-૨૦૦૮ થી સપ્ટેમ્બર- ૨૦૦૮ ના હિસાબોને બહાલી આપવા બાબત.**

સત્તામંડળના માહે જુલાઈ -૨૦૦૮ થી સપ્ટેમ્બર - ૨૦૦૮ ના આવક તથા જાવકના હિસાબો સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯33):** સત્તામંડળના માહે જુલાઈ -૨૦૦૮ થી સપ્ટેમ્બર - ૨૦૦૮ ના આવક તથા જાવકના હિસાબોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદ્દા નંબર (૪) : વુડા હસ્તક પાદરા ટી.પી.સ્કીમ નં.૧ તથા ૨ સમાવિષ્ટ ફા.પ્લોટ હસ્તકની જમીનોના નિકાલ બાબત.**

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેર નામા ક્રમાંક જીએચ/વી/૧૬૭/ઓફ/૧૯૯૦ ટી.પી.એસ/૧૨૮૯-૨૫૭૩(૯૦)એલ તા.૨૮/૮/૯૦ થી મંજુર થઈ પાદરા નગર રચના યોજના નં.૧ અમલમાં આવેલ છે. તથા જાહેર નામા ક્રમાંક જીએચ/વી/૧૬૮/ઓફ/૯૦- ટી.પી.એસ /૧૨૮૯-૨૪૯૯(૯૦)એલ તા.૨૮/૮/૯૦ થી મંજુર થઈ પાદરા નગર રચના યોજના નં.૨ અમલમાં આવેલ છે.

સદર બંને નગર રચના યોજનામાં વુડા માટે નીચે દર્શાવેલ ફાઈનલ પ્લોટ અનામત રાખામાં આવેલ છે.

| પાદરા ટી.પી.સ્કીમ નં.૧ | ફા.પ્લોટ | ક્ષેત્રફળ | હેતુ |
|---|---|---|---|
| | ૧૫૦ | ૧૬૬૬ | વાણિજ્ય |
| | ૧૫૩ | ૩૦૯૧ | વાણિજ્ય |
| | ૧૫૪ | ૩૦૭૮ | વાણિજ્ય |
| | ૧૫૭ | ૧૧૯૫ | વાણિજ્ય |
| **સ.નં. ૩૪ પૈકી** | ૧૧૮ પૈકી | ૧૧૮૮ | વાણિજ્ય |
| **પાદરા ટી.પી.સ્કીમ નં.૨** | ૬૯ | ૧૩૫૪ | વાણિજ્ય |
| | ૭૦ | ૮૪૫ | વાણિજ્ય |
| | ૫૯ | ૧૭૪૫ | વાણિજ્ય |
| | ૬૪ | ૧૪૬૫ | વાણિજ્ય |
| | ૬૫ | ૨૫૪૮ | વાણિજ્ય |
| | ૭૧ | ૪૮૮ | વાણિજ્ય |
| | ૭૨ | ૭૬૮ | વાણિજ્ય |

ઉપરોક્ત તમામ જમીનોના સ્થળ સ્થિતિ દર્શાવતા નકશા તથા એફ ફોર્મ આ સાથે સામેલ છે. આ તમામ પ્લોટનો વુડા ધ્વારા વેચાણ/નિકાલ કરવાના કામે સવાલવાળી જમીન અંગે સરકારશ્રીની નવી જંત્રી મુજબ પાદરા સબ રજીસ્ટારની કચેરીમાંથી વાણિજ્ય હેતુ માટે જંત્રી મેળવતા નીચે જણાવ્યા મુજબ જમીનના ભાવ નક્કી થયેલ છે.

| પાદરા ટી.પી.સ્કીમ નં.૧ | ફા.પ્લોટ | ક્ષેત્રફળ | જંત્રી મુજબના ભાવ રૂા.પ્રતી ચો.મી. |
|---|---|---|---|
| | ૧૫૦ | ૧૬૬૬ | ૩૮૦૦.૦૦ |
| | ૧૫૩ | ૩૦૯૧ | ૩૮૦૦.૦૦ |
| | ૧૫૪ | ૩૦૭૮ | ૩૮૦૦.૦૦ |
| | ૧૫૭ | ૧૧૯૫ | ૩૮૦૦.૦૦ |
| **સ.નં. ૩૪ પૈકી** | ૧૧૮ પૈકી | ૧૧૮૮ | ૩૮૦૦.૦૦ |
| **પાદરા ટી.પી.સ્કીમ નં.૨** | ૬૯ | ૧૩૫૪ | ૩૮૦૦.૦૦ |
| | ૭૦ | ૮૪૫ | ૩૮૦૦.૦૦ |
| | ૫૯ | ૧૭૪૫ | ૩૨૦૦.૦૦ |
| | ૬૪ | ૧૪૬૫ | ૩૨૦૦.૦૦ |
| | ૬૫ | ૨૫૪૮ | ૩૮૦૦.૦૦ |
| | ૭૧ | ૪૮૮ | ૩૮૦૦.૦૦ |
| | ૭૨ | ૭૬૮ | ૩૨૦૦.૦૦ |

ઉપરોક્ત વિગતે દર્શાવેલ જમીનના નિકાલ માટે તેમજ તેની અપસેટ પ્રાઈસ નક્કી કરવા પ્રાઈસ કમીટીમાં રજુ કરવા નિર્ણય લેવા માટે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૩૪):** વુડા હસ્તક પાદરા ટી.પી.સ્કીમ ૧ તથા ૨ માં સમાવિષ્ટ ઉપરોક્ત દર્શાવેલ ફાઈનલ પ્લોટો પ્રાઈસ કમીટીમાં રજુ કરી પ્રાઈસ કમીટી નક્કી કરે તે કીમંતે અને તે કાર્યપધ્ધિતિ મુજબ તબક્કાવાર નિકાલ કરવા માટે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

## મુદ્દા નંબર (૫) : વેમાલી ટી.પી. સ્કીમ નં. ૧ ના અમલીકરણ બાબત.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧ (૧) હેઠળ ની જોગવાઈઓ અનુસાર વડોદરા શહેરી વિકાસ સત્તામંડળે ભવિષ્યનો વિકાસ સુઆયોજીત રીતે થાય તે માટે વડોદરા શહેરીની ઉત્તરે આવેલ વેમાલી ગામના રે.સર્વે વિસ્તારમાંથી પસાર થતી નર્મદા કેનાલ તથા વેમાલી ગામની ઉત્તરેથી પસાર થતા નેશનલ હાઈવે નં. ૮ (બાયપાસ) અને વડોદરાથી સાવલી જતા રાજ્ય ધોરી માર્ગ વચ્ચેના વિસ્તાર માટે આશરે ૭૦ હેકટર જમીનમાં મુસદ્દારૂપ નગર રચના યોજના વેમાલી નં. ૧ તૈયાર કરવા માટે સરકારશ્રીનો પરામર્શ મેળવી ઈરાદો જાહેર કરેલ હતો. સઘળી કાર્યવાહી બાદ મુસદ્દારૂપ નગર રચના યોજના વેમાલી નં. ૧ ની પ્રારંભીક યોજના ૧૮/૧૦/૨૦૦૪ ના રોજ સરકારશ્રીમાં મંજુરી અર્થે રજુ કરવામાં આવેલ હતી. સરકારશ્રી દ્વારા ડીસેમ્બર ૧૯૯૫ થી મંજુર કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજના વેમાલી નં. ૧ માં સામાજીક સવલતો જેવી કે શાળા, દુકાનો, બગીચા, હેલ્થ સેન્ટર કે કોમ્યુનીટી સેન્ટર વિગેરે સાથે મંજુર કરેલ હતી. જેમાં ૧ પ્લોટ - બગીચા માટે, ૧ પ્લોટો - શૈક્ષણીક હેતુ માટે, ૩ પ્લોટો આર્થીક અને સામાજીક પછાત વર્ગના લોકોના રહેઠાણ માટે, ૧ પ્લોટ – રમત ગમતના મેદાન માટે, ૬ પ્લોટો વાણીજ્ય વેચાણ માટે, ૧૪ પ્લોટો રહેઠાણ હેતુ માટે વેચાણ પાત્ર તથા ૧ પ્લોટ જાહેર હેતુ માટે રીઝર્વ રાખેલ છે.

તા.૧/૨/૦૮ ના રોજ મળેલ વુડા બોર્ડ બેઠક નં. ૧૯૯ માં વડોદરા શહેરના વિકાસની ચર્ચા થતા તે મુજબ વેમાલી ગામ, વડોદરા મહાનગરની લીમીટને અડીને આવેલુ છે અને આ એરીયામાં હાલના તબકકે થઈ રહેલ વિકાસને ધ્યાનમાં લેતા પ્રથમ તબકકામાં વેમાલી ટી.પી. સ્કીમ નં. ૧ નુ ડેવલોપમેન્ટ કરવુ ઘણુ જરૂરી અને લોકોપયોગી થાય તેમ છે. જેમાં હાલના તબકકે ટી.પી.સ્કીમ હેઠળના રોડસ બનાવવામાં આવે તો એપ્રોચ મળવાના કારણે વિકાસ ખુબજ ઝડપથી થાય તેમ છે. જે અન્વયે સદર ટી.પી. સ્કીમનુ અમલીકરણ શરૂ કરવામાં આવેલ છે. તેમાંથી વેચાણ પાત્ર પ્લોટ તથા અન્ય થકી અંદાજે રૂા.૨૦/- કરોડની આવક વુડાને થાય તેમ છે. આ ઉપરાંત ટી.પી. સ્કીમના રોડ બનાવવાના થતા ખર્ચ પેટે સરકારશ્રી દ્વારા પણ થનાર ખર્ચના ૭૫% ગ્રાન્ટ આપવાની જોગવાઈ છે. સદર ટી.પી. સ્કીમમાં ૩૦ મી., ૧૮ મી., ૧૨ મી., ૯ મી. અને ૭.૫ મી. ના રસ્તાઓનુ આયોજન કરવામાં આવેલ છે. તે પૈકી હાલના તબકકે ૩૦ મી. પહોળાઈના કેનાલને સમાંતર રસ્તા સીવાય, ૧૮ મી. પહોળાઈના રસ્તાને - ૭ મી. પહોળાઈનો કાર્પેટ રોડ અને તે સીવાયના અન્ય રસ્તાઓને ૩.૫ મી. પહોળાઈના કાર્પેટ રોડ બનાવવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ બેઠક ક્રમાંક ૨૦૦, તા.૧૬/૫/૨૦૦૮ માં મુદ્દા નં.૧૨ મુજબ રજુ કરાત તેમાં લેવાયેલ નીર્ણય મુજબ વેમાલી ટી.પી. સ્કીમ નં.૧ માં ૧૨મી., ૧૮ મી. તથા ૩૦ મી.ના રસ્તા સુચવ્યા મુજબ મંજુરી આપવામાં આવેલ હતી તથા તે અંગે થનાર અંદાજીત રૂા.૧૪૭/- લાખના ખર્ચને પણ મંજુરી આપવામાં આવેલ હતી. ત્યારબાદ સદર કામગીરી કરવા માટે તાંત્રીક મંજુરી મેળવવા અર્થે કમીટી સમક્ષ રજુ કરાતા, સીટી. એન્જીનીયર શ્રી, વ.મ.સે.સદન તથા મેમ્બરશ્રી, ટી. એસ. કમીટી વુડાના અભિપ્રાય મુજબ સદર ટી.પી. રોડ નવેસરથી બનાવવાનો હોય, તેની ડીઝાઈન ગુજરાત એન્જીનીયરીંગ રીસર્ચ ઈન્સ્ટીટયુટમાં (ગેરી), કરાવી તે મુજબ રોડના અંદાજો બનાવી તાંત્રીક મંજુરી મેળવવાનુ નકકી થયેલ. જે અન્વયે અત્રેની કચેરી દ્વારા વેમાલી ટી.પી. સ્કીમની સાઈટના સેમ્પલ મેળવી તેનુ ટેસ્ટીંગ ગેરીમાં કરાવેલ તથા તેની ડીઝાઈન પણ તેઓ પાસે કરાવી અંદાજો બનાવેલ છે. જેમાં હાલના ૨૦૦૮-૦૯ ના એસ.ઓ.આર. ભાવ મુજબ અંદાજે રૂા.૧૮૨.૬૦ લાખ નો ખર્ચ થાય તેમ છે.

તાંત્રીક મંજુરી મેળવ્યા બાદ સદર કામના ઈજારદાર નકકી કરવા ન્પ્રગોંંગુરેં.ચેંમ ઉપર નીયમોનુસાર ઓનલાઈન ટેન્ડરીંગ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. સદર કામગીરી અંગે થયેલ કાર્યવાહી બાબતે તથા તે અગાઉ મંજુર કરેલ અંદાજીત રકમ રૂા.૧૪૭/- લાખ ના ખર્ચની સામે રૂા.૧૮૨.૬૦ લાખના ખર્ચની મંજુરી અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતાં ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક(૧૯૩૫)** : વેમાલી ટી.પી. સ્કીમ નં. ૧ ના પ્રથમ તબકકામાં ૧૨ મીટર તથા ૧૮ મીટર પહોળાઈના રોડના કામો કરાવવા અંગે ગેરી મારફત મેળવેલ રોડના સેકશનની ક્રસ્ટ ડીઝાઈન મુજબ થયેલ રીવાઇઝડ અંદાજીત ખર્ચ રૂા.૧૮૨.૬૦ લાખને સર્વાનુમતે મંજુરી આપવાનુ. તથા આ અંગેનું થર્ડ પાર્ટી

વેરીફીકેશનની કામગીરી વ.મ્યુ.કો.ના જે કન્સલ્ટન્ટશ્રી આ કામગીરી કરે છે. તેમની પાસે જ આ કામગીરી કરાવવાની વ્યવસ્થા ગોઠવવી તેમ ઠરાવવામાં આવ્યુ તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુ. કા.અ.શ્રી, વુડા, વડોદરાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર (૬) : ડેવલોપમેન્ટના કામ અંતર્ગત હીંગલોટ ગામ થી અંપાડને જોડતો આર.સી.સી. રોડ તથા લો લેવલ બ્રીજના કામ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા કરવામાં આવતા વિકાસના કામો અંતર્ગત વુડા વિસ્તારમાં આવતા ગામો માટે સ્થાનીક સંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તથા સ્થાનીક રહેવાસીઓ તરફથી કરવામાં આવતી રજુઆત અન્વયે મુખ્યત્વે એપ્રોચ રોડ તથા બે ગામોને જોડતા લીન્ક રોડના કામો કરવામાં આવે છે. વુડા વિસ્તારમાં આવેલ હિંગલોટ ગામના સરપંચશ્રી ધ્વારા અંપાડથી હિંગલોટને જોડતા રોડને બનાવવા માટે રજુઆત કરેલ છે. સદર આવેલ રજુઆત પરત્વે સ્થળ તપાસ કરતાં હિંગલોટ ગામ સુધી પાકો કાર્પેટનો રોડ બનાવવામાં આવેલ છે. જયારે હિંગલોટ ગામથી અંપાડ ગામને જોડતો રોડ બનાવવાની કામગીરી કરવા અંગે રજુઆત આવેલ છે. સદર રોડ જે નાળીયામાંથી વરસાદી પાણીનો નિકાલ થાય છે તે નાળીયામાં રસ્તો બનાવવાની પ્રપોઝલ છે. જે અંદાજે ૧૧૦૦ મીટર લંબાઈનો છે. રોડના અમુક ભાગમાં બન્ને સાઈડે બે મીટર જેટલી ઉંચી માટીની ભેખડો આવેલ છે તેથી ચોમાસા દરમ્યાન પાણી સાથે માટી ઘસીને આવે છે. તદ ઉપરાંત નાળીયાની પહોળાઈ પણ અમુક જગ્યાએ 3 મીટર જેટલી ખુલ્લી નથી. જયારે રોડ બનાવવા ઓછામાં ઓછી ૧૦ મીટર જગ્યા, ૩.૫ મીટર રોડ તથા સાઈડ ડ્રેન બનાવવાના કામ માટે જરૂરી છે. આ ઉપરાંત હિંગલોટ અને અંપાડ વચ્ચે મહિ નદીનો ફાંટો આવેલ છે અને તેમાં પાણી ભરાયલું રહે છે. આમ સદર પ્રપોઝ રોડ સાંકડા નાળીયામાંથી અને ખુબજ લો લેવલે હોવાથી જો બનાવવો હોય તો અંદાજે ૨ મીટર જેટલો ઉંચો કરવો પડે તથા વચ્ચે આવતી મહિ નદીના ફાંટા ઉપર ઓછામાં ઓછો ૨ મીટર ઉંચાઈનો લો લેવલનો આર.સી.સી. બોક્ષ કલ્વર્ટ ટાઈપનો ૨૫ મીટરની લંબાઈમાં બ્રીજ બનાવવો પડે. સદર બાબત અંગેનો મુદ્દો વુડા બોર્ડ બેઠક ક્રમાંક ૧૯૯, તા.૧/૨/૨૦૦૮ ના રોજની મીટીંગમાં મુદ્દા નં.૧૦ અન્વયે રજુ કરાતા તે અંગે ઠરાવ કંમાંક ૧૮૯૨ પ્રમાણે લેવાયેલ નીર્ણય મુજબ હીંગલોટથી અંપાડને જોડતા રોડનુ કામ તથા લો લેવલ બ્રીજના કામને તથા તે અંગે થનાર અંદાજીત ખર્ચ રૂા.૪૩/- લાખને મંજુરી આપવામાં આવેલ હતી. જેમાં થનાર ખર્ચ પૈકી રૂા.૧૦/- લાખ સંસદ સભ્યશ્રી, ધારાસભ્યશ્રી તથા લોક ભાગીદારમાંથી મળવાની રજુઆત આવેલ હતી. ત્યારબાદ સદર કામગીરી કરાવવા માટે લો લેવલ બ્રીજની ડીઝાઈન કરવા તથા રોડના માટીના સેમ્પલો લઈ તેની ડીઝાઈન બનાવવા અંગેની કામગીરી જીઓ. ટેસ્ટ હાઉસ,વડોદરાને સોપવામાં આવેલ હતી. જેઓ ધ્વારા પ્રપ્રોઝ રોડ ઉપરથી તથા લો લેવલ બ્રીજ માટે મહી નદીના ફાટા ઉપર માટીના સેમ્પલો લઈ લો લેવલ બ્રીજની ડીઝાઈન તેઓ ધ્વારા બનાવી આપેલ છે. તેઓ ધ્વારા લો લેવલ બ્રીજની બનાવેલ ડીઝાઈન તથા રોડની નકકી કરવામાં આવેલ ડીઝાઈન મુજબ હાલના મા. અને મ. વિભાગના ૨૦૦૮-૦૯ ના એસ.ઓ.આર. ભાવો મુજબ અંદાજો બનાવતા લો લેવલ બ્રીજ માટે રૂા. રૂા.૩૬.૨૫ લાખ તથા આર.સી.સી. રોડ બનાવવા માટે અંદાજે રૂા.૩૮.૩૩ લાખ મળી કુલ રૂા.૭૪.૫૮ નો અંદાજીત ખર્ચ થાય તેમ છે. સદર ખર્ચની સામે મા. સંસદ સભ્યશ્રી ધ્વારા રૂા.૫/- લાખ તથા મા. ધારાસભ્યશ્રી ધ્વારા રૂા.૩/- લાખ નુ અનુદાન આપવા અંગેની ભલામણો અત્રેની કચેરીને કરેલ હતી. જે દરખાસ્ત અત્રેની કચેરી ધ્વારા જીલ્લા આયોજન કચેરી, વડોદરાને મોકલાવેલ છે. આમ સદર કામગીરી અંગે અગાઉ બોર્ડમાં મંજુર થયેલ રૂા.૪૩/- લાખની સામે અંદાજે રૂા.૭૪.૫૮ લાખ નો ખર્ચ થાય તેમ છે. સદર કામગીરી કરવા બાબતે તથા તે અંગે થનાર કુલ ખર્ચ

રૂા.૭૪.૫૮ લાખ બાબતનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતાં ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૩૬) :** હિંગલોટ ગામ અને અંપાડ ગામને જોડતો આર.સી.સી. રોડ તથા લો લેવલ બ્રીજના કામ બાબત બન્ને ગામોની જનસંખ્યાને થનાર લાભ અને સદર રોડ પરત્વે થનાર ખર્ચ તથા સીટી એન્જીનીયરશ્રી, વડોદરા મહાનગર સેવાસદન, વડોદરાની સાઈટ મુલાકાત કરાવી, સ્થળ સ્થીતીની ચકાસણી બાદ, તેઓ પાસેથી સદર કામનો ફીઝીબીલીટી રીપોર્ટ મેળવી ફરીથી વુડા બોર્ડ સમક્ષ સઘળી વિગતો રજુ કરવાનુ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુ.કા.અ.શ્રી, વુડા, વડોદરાને સપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર (૭ ) : વુડા હસ્તક કરવામાં આવતા ડેવલોપમેન્ટના કામો તથા અન્ય સીવીલ કામો કરવા માટેના અંદાજોને તાંત્રીક મંજુરી આપવા માટે સત્તા સુપ્રત કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા વિકાસના કામો જેનાં મુખ્યત્વે રોડના કામો કરવામાં આવે છે. આ ઉપરાંત સરકારશ્રી ધ્વારા આપવામાં આવતા લક્ષ્યાંકો અન્વયે શહેરી ગરીબો માટે આવાસો તથા અન્ય સરકારશ્રીની યોજનાઓ હેઠળ અન્ય કામો તેમજ ટી.પી. સ્કીમના અમલીકરણ હેઠળ વ્યાપારીક સંકુલ તથા અન્ય સીવીલ કામો કરવામાં આવે છે. હાલમાં વુડાના માળખા મુજબ કાર્યપાલક ઈજનેરશ્રીના લેવલે સ્થળસ્થિતિ અને પ્લાન તથા નકશા મુજબ સરકારશ્રીના અન્ય વિભાગોના સીડયુલ ઓફ રેટસ મુજબના ભાવોએ અંદાજો બનાવી બોર્ડ બેઠકમાં મંજુરી મેળવવા અર્થે રજુ કરવામાં આવે છે. ત્યારબાદ પી.ડબલ્યુ.ડી. ના નિયમો મુજબ ટેન્ડરો બનાવી જાહેરાત ધ્વારા ઓફરો મેળવી વુડાની ટેન્ડર કમીટી સમક્ષ રજુ કરી મંજુરી મળ્યા બાદ ટેન્ડરની શરતો મુજબ કામો કરવામાં આવે છે. હાલમાં સરકારશ્રીના પરીપત્ર મુજબ રૂા.૧૦/- લાખથી ઉપરના કામોની ઓફરો ઓનલાઈન મંગાવવા એન. પ્રોકયોર ડોટ કોમમાં રજીસ્ટ્રેસન કરાવેલ છે. સદર કામોના અંદાજોને તાંત્રીક મંજુરી વુડા બોર્ડ બેઠક નં.૧૮૭, તા.૨૫/૨/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક ૧૭૫૭ માં નકકી થયા મુજબ વુડાના ઈન્ચાર્જ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને રૂા.૧.૫૦ લાખ સુધીની રકમના કામોના અંદાજોને, કાર્યપાલક ઈજનેરશ્રીને રૂા.૧૨/- લાખ સુધીની રકમના કામોના અંદાજોને તાંત્રીક મંજુરી આપવાની સત્તા આપવામાં આવેલ અને આથી વધુ રકમના કામોના અંદાજોને તાંત્રીક મંજુરી સીટી એન્જીનીયશ્રી, વડોદરા મહાનગર સેવાસદન તથા અધિક્ષક ઈજનેરશ્રી, મા.અને મ. વિભાગ(વર્તૃળ), વડોદરાની કમીટી બનાવી અને તેઓ પાસે તાંત્રીક મંજુરી મેળવવાનુ નકકી થયેલ છે.

ઉપરોકત વિગતે બનાવેલ કમીટી પૈકી અધિક્ષક ઈજનેરશ્રી મા. અને મ. વિભાગ (વર્તુળ) વડોદરા ધ્વારા તેમની કચેરીના પત્ર નં. પી.બી./મીસે/સી-૨૧૯/૧૬૬૫ તા.૨૮/3/૨૦૦૫ ધ્વારા અત્રે જણાવેલ છે કે મા. અને મ. વિભાગ અથવા અન્ય કોઈ પરીપત્રીત સુચનાઓ તેઓને ઉપલબ્ધ નથી તેમજ વુડાને આ પ્રકારના નિર્ણય લેવા માટેની કોઈ જોગવાઈ પરીપત્રીત થયેલ હોય તો તેની નકલ મોકલી આપવા વિનંતી કરેલ અને ત્યારબાદ અત્રે મળતી તાંત્રીક કમીટી તથા ટેન્ડર કમીટીમાં હાજર રહેલ નથી. આ સંજોગોમાં મીટીંગ દરમ્યાન ફકત સીટી. એન્જીનીયશ્રી ઉપસ્થીત રહે છે અને તેઓશ્રીએ સદર બાબત બોર્ડ બેઠકમાં રજુ કરવા સુચન આપેલ છે.

હાલમાં વુડા ધ્વારા વેમાલી ખાતે ટી.પી. સ્કીમોના તથા અન્ય ડેવલોપમેન્ટના કામો હાથ ધરેલ છે. જેમાં રૂા.૧૨/- લાખથી મોટી રકમના કામો માટે ગુજરાત એન્જીનીયરીંગ રીસર્ચ ઈન્સ્ટીટયુટ (ગેરી) પાસેથી રોડની ડીઝાઈન કરાવી તે મુજબ કાર્યવાહી કરવાનુ નકકી થયેલ હતુ. જે પ્રમાણે વેમાલી ટી.પી. સ્કીમ ના રોડ માટે ડીઝાઈન બનાવેલ છે. વુડા ધ્વારા બનાવેલ તાંત્રીક કમીટીમાં ઉપરોકત વિગત મુજબ અધિક્ષક ઈજનેરશ્રી મા. અને મ. વિભાગ (વર્તુળ),વડોદરા હાજર રહેતા નથી. આ બાબતે અન્ય ઓથોરીટી પૈકી ઔડામાં તપાસ કરતા તેઓની ઓથોરીટી ધ્વારા રૂા.૧૨/- લાખથી ઉપરની રકમના કામોને તાંત્રીક મંજુરી આપવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને ફાઈલ પર અધ્યક્ષશ્રીની મંજુરી

મેળવી આપવા આવે છે. તેવીજ રીતે આવેલ ટેન્ડર ઓફરો પૈકી રૂા.૨/-લાખ સુધીના કામો ફાઈનલ કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી તથા તેથી વધુ રકમના કામો મંજુર કરવાની સત્તા અધ્યક્ષશ્રીને આપવામાં આવેલ છે.આ સંજોગોમાં વુડામાં રૂા.૧૨/-લાખથી ઉપરની રકમના કામોની તાંત્રીક મંજુરી આપવાની સત્તા તથા આવેલ ટેન્ડર ઓફરો ફાઈનલ કરવાની સત્તા આપવા બાબતનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતાં ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૩૭) :** વુડા દ્વારા, વુડા વિસ્તારના ડેવલોપમેન્ટ અર્થે રૂા.૧૨/- લાખથી વધુ રકમનાં કરવામાં આવતાં સીવીલ કામોના અંદાજોને તાંત્રીક મંજુરી આપવાની કમીટી મીટીંગમાં અધિક્ષક ઈજનેરશ્રી, વડોદરા (મા. અને મ)વર્તુળ, વડોદરા ઉપસ્થીત રહે તે બાબતની પરીપત્રીત સુચનાઓ સરકારશ્રીમાથી મેળવવા દરખાસ્ત કરવી અને ત્યાંસુધી રૂા.૧૨/- લાખથી વધુ રકમના કામોના અંદાજોને સીટી એન્જીનીયરશ્રી, વડોદરા મહાનગર સેવાસદન, વડોદરા પાસેથી તાંત્રીક મંજુરી મેળવવી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ. આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુ. કા.અ.શ્રી, વુડા, વડોદરાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર(૮) :- સ્માર્ટ ગોલ્સ અન્વયે ઓટો ડી.સી.આર.સોફ્ટવેર ઈન્સ્ટોલ કરવા બાબત.**

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્ધારા વર્ષ ૨૦૦૮-૨૦૦૯ ના "સ્માર્ટ ગોલ્સ" અન્વયે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળમાં ઓટો ડી.સી.આર.મુજબ બીલ્ડીંગ પ્લાન મંજુર કરવા જણાવેલ હતુ તે અંગે વુડાની ગત બેઠકમાં મુદ્દા નં.૧૧ ઉપર વિગતો રજુ કરવામાં આવેલ હતી અને ઓટો ડી.સી.આર. મુજબ બિલ્ડીંગ પ્લાન મંજુર કરવા અંગેના સોફ્ટવેર ઈન્સ્ટોલ કરવા નક્કી કરવામાં આવ્યુ હતું. ઓટો ડી.સી.આર અંગે ઔડા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આ સોફ્ટવેર સપ્લાય કરનાર સંસ્થા સોફ્ટ ટેક એન્જીનીયર્સ પ્રા.લી.(સુરત) એ અત્રેની કચેરીને ઓટો ડીસીઆરનું સોફ્ટવેર ઈન્સ્ટોલ કરવા ઓફર આપેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧ | પ્રવર્તમાન જી.ડી.સી.આર મુજબ ઓટો ડીસીઆર સોફ્ટવેર ઈન્ટોલેશન સેટઅપ અને કમીશનીંગ | રૂા.૭,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા સાત લાખ પુરા) |
| ૨ | કસ્ટમાઈઝેશન ઓફ રીપોર્ટ | |
| ૩ | ઓફિસરોની ટ્રેનીંગ (૧૦ વ્યકિત) | |
| ૪ | બેઝીક લાયસન્સ ઉપભોકતા (૫ નંગ) વધારાના દરેક ઉપભોકતાના રૂા.૨૧,૦૦૦/- | |
| **<u>ટર્મ્સ એન્ડ કન્ડીશન્સ</u>** :- આ કિમત પ્રવર્તમાન ડી.સી.આર.ની છે. ત્યારબાદ ડી.સી.આરમાં મોટો તફાવત હોય ત્યારે વધારાનો ચાર્જ લેવામાં આવશે. | | રૂા.૨,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ પંચાસ હજાર પુરા) |

આ સંસ્થાનો ઔડા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને જે ભાવ મંજુર કરેલ છે. તે ભાવે ઓટો ડી.સી.આર ઈન્સ્ટોલ કરવા અંગેનો ખર્ચ રૂા.૭,૦૦,૦૦૦ લાખ થાય છે. અને તેને માટે પાંચ ઉપભોકતાને લાયસન્સ આપવામાં આવશે અને પાંચથી વધુ ઉપભોકતા લાયસન્સ માટે દરેક લાયસન્સ દીઠ રૂા.૨૧,૦૦૦/- વધારાનો ચાર્જ લાગશે તેમ જણાવેલ છે. અને ૧ થી ૭ શરતો રાખેલ છે. તે ધ્યાને લેવાની રહે.

ઉપરોકત રૂા.૭,૦૦,૦૦૦ લાખના ખર્ચ તથા પાંચથી વધારે યુઝર્સ માટે રૂા.૨૧,૦૦૦/- ના ખર્ચની મંજુરી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વે સભ્યોશ્રી સમક્ષ રજુ થતા ચર્ચા વિચારણામાં વુડાના પ્રવર્તમાન જી.ડી.સી.આર અને સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવેલ જી.ડી.સી.આર માં મોટા ફેરફારો હોઈ પ્રવર્તમાન જી.ડી.સી.આર પ્રમાણે સોફ્ટવેર તૈયાર કરાવવુ હિતાવહ ન હોઈ મુસદ્દારૂપ જી.ડી.સી.આર. મંજુર થાય ત્યારબાદ જ ઓટોડીસીઆર સોફ્ટવેર ઈન્સ્ટોલ કરવુ હિતાવહ રહે તે મુજબ સર્વ સભ્યોશ્રીનું મંતવ્ય હતુ આથી હાલ મુદ્દો મુલત્વી રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૧૯૩૮):</u>** વુડાના પ્રવર્તમાન જી.ડી.સી.આર અને સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવેલ જી.ડી.સી.આરમાં મોટા ફેરફારો હોઈ હાલમાં પ્રવર્તમાન જી.ડી.સી.આર પ્રમાણે સોફ્ટવેર તૈયાર કરાવવુ હિતાવહ ન હોઈ વુડાની મુસદ્દારૂપ દ્ધિતિય પુનરાવર્તિત વિકાસ યોજના તથા તેને સંલગ્ન જી.ડી.સી.આર. સરકારશ્રી દ્ધારા મંજુર ન થાય ત્યાં સુધી ઓટોડીસીઆર સોફ્ટવેર ઈન્સ્ટોલ કરવા બાબતનો મુદ્દો મુલત્વી રાખવા ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નંબર(૯) : મોજે ગોરવા-અંકોડીયા જમીનોમાં સુચિત નગર રચના યોજના ગોરવા-અંકોડીયા નં.૧ બનાવવાનો ઈરાદો જાહેર કરવા બાબત.**

વુડા વિસ્તારમાં સમાવિષ્ટ વડોદરા મહાનગર સેવસાદનની હદને અડીને આવેલ મોજે ગોરવા-અંકોડીયાની જમીનમાં સુઆયોજીત વિકાસ થાય તે માટે સુચિત નગર રચના યોજના ગોરવા-અંકોડીયા નં.૧ બનાવવાનુ વિચારેલ છે. આ સુચિત નગર રચના યોજનામાં સમાવિષ્ટ લગભગ ૧૪૦ હેક્ટર જમીનોની ડી.આઈ.એલ.આર.શ્રી મારફત માપણી કરાવેલ છે. તથા વુડા બોર્ડની બેઠક નં.૨૦૦ માં ઠરાવ ક્રમાંક ૧૯૧૬ થી મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજયનો સુચિત નગર રચના યોજનાનો હદ વિસ્તાર નક્કી કરવા કાયદાની કલમ૪૧(૧) હેઠળનું અનુમોદન મેળવવા થયેલ ઠરાવ મુજબ દરખાસ્ત કરતા આ વિસ્તારમાં મુસધ્દારૂપ નગર રચના યોજના ગોરવા-અંકોડીયા નં.૧ બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧ (૧) હેઠળનું જરૂરી અનુમોદન મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય તરફથી તા.૨૨-૦૯-૨૦૦૮ ના પત્રાંક સુચિત નરયો/ગોરવા-અંકોડીયા નં.૧(વુડા)/દ.ગુ./ ૭૩૪૭ થી મળેલ છે. આથી મોજે ગોરવા-અંકોડીયાના આશરે ૧૪૦ હેક્ટર ક્ષેત્રફળ ધરાવતા વિસ્તાર માટે મુસધ્દારૂપ નગર રચના યોજના ગોરવા-અંકોડીયા નં.૧ તૈયાર કરવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ ઈરાદો જાહેર કરવા બાબતે ચર્ચા-વિચારણા તથા નિર્ણય અર્થેનો મુદ્દો વુડા બોર્ડ સમક્ષ રજુ થતા આ બાબતે વિગતવાર ચર્ચા કરવામાં આવી તથા મુસધ્દારૂપ નગર રચના યોજના ગોરવા-અંકોડીયા નં.૧ માં દર્શાવેલ હદ નક્કી કરી યોજના તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરી આગળની કાયદાનુસારની કાર્યવાહી કરવા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સત્તા સુપ્રત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૩૯):** મુસધ્દારૂપ નગર રચના યોજના ગોરવા-અંકોડીયા નં.૧ માં દર્શાવેલ હદ મુજબ નક્કી કરી તેનો ઈરાદો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ-૪૧(૧) મુજબ ઈરાદો જાહેર કરવાનુ ઠરાવવામાં આવ્યુ અને આ અંગેની બધી જ આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી વુડાને સુપ્રત કરવાનું ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર(૧૦ ): મોજે અંકોડીયા જમીનોમાં સુચિત નગર રચના યોજના અંકોડીયા નં.૧ બનાવવાનો ઈરાદો જાહેર કરવા બાબત.**

વુડા વિસ્તારમાં સમાવિષ્ટ વડોદરા મહાનગર સેવસાદનની હદને અડીને આવેલ મોજે અંકોડીયાની જમીનમાં સુઆયોજીત વિકાસ થાય તે માટે સુચિત નગર રચના યોજના અંકોડીયા નં.૧ બનાવવાનુ વિચારેલ છે. આ સુચિત નગર રચના યોજનામાં સમાવિષ્ટ લગભગ ૭૨ હેક્ટર જમીનોની ડી.આઈ.એલ.આર.શ્રી મારફત માપણી કરાવેલ છે. તથા વુડા બોર્ડની બેઠક નં.૨૦૦ માં ઠરાવ ક્રમાંક ૧૯૧૩ થી મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજયનો સુચિત નગર રચના યોજનાનો હદ વિસ્તાર નક્કી કરવા કાયદાની કલમ૪૧(૧) હેઠળનું અનુમોદન મેળવવા થયેલ ઠરાવ મુજબ દરખાસ્ત કરતા આ વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના અંકોડીયા નં.૧ બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧ (૧) હેઠળનું જરૂરી અનુમોદન મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય તરફથી તા.૨૨-૦૯-૨૦૦૮ ના પત્રાંક સુચિત નરયો/અંકોડીયા નં.૧(વુડા)/દ.ગુ./૭૩૪૬ થી મળેલ છે. આથી મોજે અંકોડીયાના આશરે ૭૨ હેક્ટર ક્ષેત્રફળ ધરાવતા વિસ્તાર માટે મુસદ્દારૂપ નગર રચના યોજના અંકોડીયા નં.૧ તૈયાર કરવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ૪૧(૧) હેઠળ ઈરાદો જાહેર કરવા બાબતે ચર્ચા-વિચારણા તથા નિર્ણય અર્થેનો મુદ્દો વુડા બોર્ડ સમક્ષ રજુ થતા આ બાબતે વિગતવાર ચર્ચા કરવામાં આવી તથા મુસદ્દારૂપ નગર રચના યોજના અંકોડીયા નં.૧ માં દર્શાવેલ હદ નક્કી કરી યોજના તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરી આગળની કાયદાનુસારની કાર્યવાહી કરવા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સત્તા સુપ્રત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક(૧૯૪૦) :** મુસદ્દારૂપ નગર રચના યોજના અંકોડીયા નં.૧ માં દર્શાવેલ હદ મુજબ નક્કી કરી તેનો ઈરાદો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ-૪૧(૧) મુજબ ઈરાદો જાહેર કરવાનુ ઠરાવવામાં આવ્યુ અને આ અંગેની બધી જ આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી વુડાને સુપ્રત કરવાનું ઠરાવવામાં આવ્યુ.

**મુધ્દા નંબર(૧૧) :- વુડાની મુસધ્દારૂપ ધ્દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર (મુંબઈ થી દિલ્હી) અંતર્ગત પસાર થતી રેલ્વે એલાઈનમેન્ટ આમેજ કરવા બાબત.**

ડીડીકેટેડ ફ્રેઈટ કોરીડોર કોર્પોરેશન ઓફ ઈન્ડીયા લી. ધ્દારા તા.૧૮-૯-૨૦૦૮ ના પત્રથી જણાવ્યા મુજબ વેસ્ટર્ન ફ્રેઈટ કોરીડોર (મુંબઈથી દિલ્હી) વુડા વિસ્તારના વડસાલા, વરણામા, ખલીપુર, કરાલી, સમીયાલા, ચાણસદ, બીલ, ચાપડ, જાંબુવા, મારેઠા, ગોકુળપુરા, ભાયલી, સેવાસી, મહાપુરા, શેરખી, અનગઢ અને કોટનામાંથી પસાર થાય છે તથા સુચિત એલાઈનમેન્ટમાં જતી જમીનોના સંપાદનની કાર્યવાહી ચાલુ કરેલ છે. વુડાના હદ વિસ્તારમાંથી પસાર થતી સુચિત રેલ્વે એલાઈનમેન્ટ વુડાની મુસધ્દારૂપ ધ્દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનાના જે તે ગામના વિલેજમેપમાં સુપર ઈમ્પોઝ કરાવી ડીએફસીસી પાસેથી સોફ્ટ કોપી મેળવવામાં આવેલ છે. વુડાની મુસધ્દારૂપ ધ્દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના કાયદાની કલમ-૧૭ હેઠળ સરકારશ્રીની મંજુરી હેઠળ છે આથી સુચિત રેલ્વે એલાઈનમેન્ટ મુસધ્દારૂપ ધ્દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં આમેજ કરવા માટે સરકારશ્રીમાં દરખાસ્ત કરવા અંગેના મુદ્દાનો મુસદ્દો વુડા બોર્ડ સમક્ષ ચર્ચા-વિચારણા અર્થે રજુ થતા આ બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી સુચિત રેલ્વે એલાઈમેન્ટ વુડા વિસ્તારના જે ગામોમાંથી પસાર થતી હોય તે ગામોમાં રસ્તાઓમાં તથા ઝોનમાં ફેરફાર કરવાના થતા તે મુજબ જરૂરી ફેરફાર કરી નકશા તૈયાર કરી સરકારશ્રીમાં પાઠવી આપવામાં આવે જેથી મુસધ્દારૂપ ધ્દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના કે જે હાલ સરકારશ્રીની મંજુરી હેઠળ છે તેમાં આમેજ કરી શકાય તે મુજબ સર્વે સભ્યોશ્રીઓનું મંતવ્ય હતુ. જે પરત્વે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૧૯૪૧) :</u>** વુડાની મુસધ્દારૂપ ધ્દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં કેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર (મુંબઈ થી દિલ્હી) અંતર્ગત પસાર થતી રેલ્વે લાઈન તથા તે કારણે કરવાના થતા સંલગ્ન રસ્તા/ઝોનના જરૂરી ફેરફારો સહ મુસધ્દારૂપ ધ્દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં આમેજ કરવા સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર(૧૨): વુડાની હદથી લાગુ પાંચ કી.મી.ના વિસ્તારમાં હયાત તથા સંભવિત ઔદ્યોગીક વિકાસવાળા ગામોને વુડાની હદમાં સમાવેશ કરવા બાબત.**

શહેરી વિકાસ વિસ્તાર વિકાસ સત્તામંડળની હદથી લાગુ પાંચ કી.મી.ની હદમાં આવતી જમીનો પ્રમાણિક ઔદ્યોગીક હેતુ માટેની કલમ-૬૩ એ એ તથા જમીન મહેસુલ કાયદાની કલમ ૬૫-ખ હેઠળ ખરીદી શકાતી ન હોવાથી ઉદ્યોગીગૃહોની રજુઆતોના અનુસંધાને સદરહું કલમોમાં કરાવેલ જોગવાઈઓ અંગે મહેસુલ વિભાગમાં વિચારણા હાથ રાચેલ હોવાની પૂર્વ ભુમિકાને ધ્યાને લઈ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૧૨-૮-૦૮ ના પત્રથી (નકલ સામેલ છે) સત્તામંડળની હદને લાગુ પાંચ કી.મી.ના વિસ્તાર કે જયાં નવા ઔદ્યોગીક એકમો આવવાની સંભાવના હોય તે અંગે સ્થાનિક કક્ષાએથી માહિતિ એકત્ર કરી નકશા પર દર્શાવી આવા વિસ્તારો કે જેમાં વધુ વિકાસ થવા સંભવ હોય તેના સુઆયોજીત વિકાસ માટે તેનો સમાવેશ સત્તામંડળની હદમાં કરવો કે કેમ તે અંગે જરૂરી વિચારણા કરી જરૂર જણાય તો ઠરાવ સહ અભિપ્રાય / દરખાસ્ત મોકલી આપવા જણાવેલ છે. જે સંદર્ભે અત્રેથી આ વિસ્તારમાં બાંધકામ અંગે વિકાસ પરવાનગી આપતી નગર નિયોજકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ, વડોદરાની કચેરીમાંથી તથા કલેકટરશ્રી, વડોદરાની કચેરીમાંથી માહિતિ એકત્ર કરી તા.3-૧૨-૨૦૦૮ ના પત્ર નં.યુડીએ/પ્લાન-૨/૨૪૯/૦૮ થી આ બાબત અગામી વુડા બોર્ડ બેઠકમાં રજુ કરી થયેલ ઠરાવ સહ જરૂરી દરખાસ્ત પાઠવી આપવામાં આવશે તે મુજબ સરકારશ્રીમાં મધ્યવર્તી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. એકત્રિત કરેલ માહિતી ચકાસતા વુડાની હદથી પાંચ કી.મી. વિસ્તારના ગામો પૈકી કુલ-૨૧ ગામોમાં ઓછોવતો ઔદ્યોગીક વિકાસ થયેલ છે અથવા થવાની સંભાવના છે જે પૈકી કુલ-૧૨ ગામોમાં ઔદ્યોગીક વિકાસ વધુ જણાય છે. જેમાં પાદરા તાલુકાના મોજે ડભાસા, એકલબારા, લુણા તથા ઉમરાયા, સાવલી તાલુકાના મોજે પોઈચા, ટુંડાવ, મોક્ષી તથા રાણીયા, વડોદરા તાલુકાના મોજે પોર તથા રમણગામડી અને વાઘોડીયા તાલુકાના મોજે પીપળીયા તથા અલવાનો સમાવેશ થાય છે. હાલ વુડાનો મહાનગર સેવાસદન સહિતનો વિસ્તાર ૭૧૫.૫૪ ચો.કી.મી. છે. ઉકત ૧૨ ગામો વુડામાં આમેજ કરવામાં આવે તો વિસ્તાર ૮૦૬.૮૯ ચો.કી.મી.થાય તેમ છે. ઉકત ૧૨ ગામો પૈકી વડોદરા તાલુકાના મોજે પોર તથા રમણગામડી વિસ્તારને વુડા હદમાં સમાવેશ કરવા ૧૯ મી બોર્ડ બેઠકમાં ઠરાવ ક્રમાંકઃ૧૮૯૪ થી નિર્ણય થયેલ છે તથા સરકારશ્રીમાં આ બંને ગામોના વિસ્તાર વુડા વિસ્તારમાં સમાવવા વુડાના પત્ર ક્રમાંક યુડીએ/પ્લાન-૨ /૨૮/૨૦૦૮, તા.૬/૨/૨૦૦૮ થી સરકારશ્રીમાં દરખાસ્ત કરેલ છે. આથી બાકીના ૧૦ ગામો વુડા હદમાં સમાવવા કે કેમ તે અંગેનો મુદ્દો વુડા બોર્ડ સભ્યશ્રીઓ સમક્ષ થતા આ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી જેમાં જે ગામોમાં ઔદ્યોગીક વિકાસની શકયતા છે તેવા આ ગામોની સંલગ્ન આંકડાકીય માહિતી તથા સ્થાનિક ગ્રામ પંચાયતોનો આ ગામો વુડા વિસ્તારમાં સમાવેશ કરવા અંગે અભિપ્રાય વિગેરે સમગ્ર બાબતોનો અભ્યાસ કરી રજુ કરવા હાલ મુદ્દો મુલત્વી રાખવા સર્વ સભ્યશ્રીઓનુ મંતવ્ય હતુ. જે પરત્વે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક(૧૯૪૨):** વુડાની હદથી લાગુ પાંચ કી.મી.ના વિસ્તારમાં હયાત તથા સંભવિત ઔદ્યોગીક વિકાસવાળા ગામોને વુડા હદમાં સમાવેશ કરવા અંગે જે તે ગામોની વિસ્તૃત આંકડાકીય માહિતી તથા ગ્રામ પંચાયતોનો આ અંગે અભિપ્રાય વિગેરે બાબતોનો સમગ્ર રીતે અભ્યાસ કરી રજુ કરવા મુદો હાલ મુલત્વી રાખવા ઠરાવવામાં આવ્યુ.

**અધ્યક્ષ સ્થાનેથી**

**મુદ્દા નંબર(૧): વુડાની હદમાં સમાવિષ્ટ મોજે પાદરા તા.પાદરા જી.વડોદરાની નગર રચના યોજના નં.૨ (પાદરા) ના વિસ્તારમાં આવરી લેવાયેલ રસ્તા પૈકીની જમીન આર.એન્ડ બી. વિભાગ ને સોંપવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ની હદમાં સમાવિષ્ટ નગર રચના યોજના નં.૨(પાદરા)ના વિસ્તારમાં આવતો વડોદરા જંબુસર સ્ટેટ હાઈવે વાળી જમીન પર નગર રચના યોજનાના સુચિત ૪0.0 મી. ની પહોળાઈ ધરાવતો રસ્તો સુચવેલ છે. જે જમીન નગર રચના યોજના નં.૨(પાદરા) માં રસ્તા તરીકે દર્શાવેલ હોઈ જે વુડાની માલીકીની ગણાય. આ રસ્તા પૈકીની જમીન પર રસ્તાની બન્ને બાજુ આવતા તમામ બિનઅધિકૃત દબાણો હાલ દૂર કરવામાં આવેલ છે. જે ખુલ્લી પડતી જમીનો આર.એન્ડ બી પેટા વિભાગ-પાદરા ને સુપ્રત કરવાથી ભવિષ્યના આયોજન જેવાકે લાઈટ, ગટર, પાણી ,વરસાદી ગટરના આયોજન ની સુગમતા રહે અને ભવિષ્યમાં દબાણો થવાની શકયતા નહિ રહે. આથી સદર જમીનો આર.એન્ડ બી પેટા વિભાગ પાદરા ને સોંપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સમક્ષ રજુ થતા સર્વ સભ્યશ્રીઓનુ મંતવ્ય હતુ કે નગર રચના યોજનાના સુચિત ૨૪.0 મી.માં આવતી જમીનોને આર. એન્ડ બી. વિભાગને સોપવામાં આવે તો તેઓ રસ્તાને વિકસાવવાની કામગીરી સરળતાથી કરી શકે તથા રસ્તામાં દબાણો થતા પણ અટકે આથી તે પરત્વે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૧૯૪૩):</u>** વુડાની હદમાં સમાવિષ્ટ મોજે પાદરાની નગર રચના યોજના નં.૨(પાદરા) માં પસાર થતી સુચિત ૪0.0 મી. ની રસ્તારેષામાં આવતી વુડાની માલિકીની જમીનો આર એન્ડ બી પેટા વિભાગ પાદરાને સોપવા ઠરાવવામાં આવ્યુ.

**અધ્યક્ષ સ્થાનેથી**

**મુધ્દા નંબર( ૨ ): વડોદરા શહેરમાં રખડતા પશુઓને શહેરની બહાર કેટેલ સેડ બનાવી સમાવવા બાબત.**

વડોદરા શહેરમાં રખડતા પશુઓને શહેરની બહાર કેટેલ શેડ બનાવી સ્થાયી કરવા વિચારણા કરવામાં આવેલ છે. આ અંગે એક કમીટીની રચના કરવામાં આવેલ છે. જેમાં મુખ્ય કારોબારી અધિકારીશ્રી વુડા પણ એક સભ્ય છે. કલેકટરશ્રીના અધ્દક્ષપણા હેઠળ મળેલ બેઠકમાં વડોદરા શહેરમાં રખડતા પશુઓને શહેર બહાર એક જગ્યાએ સ્થાપી કરવા માટે તૈયાર થનાર કેટેલ શેડમાં વુડાએ પણ યોગદાન આપવાનું સુચન છે. આ શેડ વુડા વિસ્તારમાં ખટંબા ખાતેના ગૌચરમાં બનાવવાનુ સુચન છે. આ અંગે ડીઝાઈન તૈયાર કરાયેલ છે. તેમાં પણ વુડાએ સહયોગ આપેલ છે. આ ઉપરાંત આ કામગીરીમાં નાણાકિય યોગદાન પણ વુડા દ્વારા આપવામાં આવે, કારણ કે આ મહાનગર પાલિકા અને વુડા વિસ્તારનો સંયુકત પ્રશ્ન છે. તેવુ પણ સુચન છે. આ બાબતે વુડા તરફ થી રૂા.૨૦/- લાખ (અંકે રૂપિયા વીસ લાખ પુરા) કેટેલ શેડ બનાવવાના કામે સહભાગી થવા યોગદાન આપવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા-વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૧૯૪૪ ):</u>** વુડા વિસ્તારમાં આવેલ ખટંબા ગામ પાસે સરકારશ્રીની ગોચરની જમીન ઉપર અંદાજે ૧૦૦ પશુઓ માટે, ૪ શેડના ૧ યુનીટ મુજબ કુલ ૧૦ યુનીટ બાંધવાનુ આયોજન કલેકટરશ્રી, વડોદરા ધ્વારા કરવામાં આવેલ છે. કલેકટરશ્રી, વડોદરા ધ્વારા આપેલ ડીઝાઈન મુજબ એક યુનીટનો અંદાજીત ખર્ચ રૂા.૨૦/- લાખ થાય છે. આવા કુલ બે યુનીટ વુડા ધ્વારા બનાવી આપવાના કામને તથા તે અંગે થનાર અંદાજીત ખર્ચ રૂા.૪૦/- લાખને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુ.કા.અ.શ્રી, વુડા, વડોદરાને સુપ્રત કરવામાં આવી.

**અધ્યક્ષ સ્થાનેથી**

**મુધ્દા નંબર (૩) : મોજે પાદરા તા.વડોદરા ટી.પી. સ્કીમ નંબર -૨ ના ફા.પ્લોટ નંબર ૬૧ ની ઈ.ડબલ્યુ.એસ. માટે અનામત રાખેલ જમીન પાદરા નગર પાલિકાને ફાળવવા બાબત.**

મોજે. પાદરાની નગર રચના યોજના નંબર-૨ ના ફા.પ્લોટ નંબર ૬૧ ક્ષેત્રફળ ૪૨૮૭ ચો.મી. વાળી જમીન ઈ.ડબલ્યુ.એસ. આવાસો માટે અનામત રાખવામાં આવેલ છે. સદરહુ જમીનમાં કુલ ૮૦ ઈસમો ધ્વારા અનઅધિકૃત રીતે ઝુપડા બાંધી દબાણ કરવામાં આવેલ, તેમજ અન્ય જગ્યાઓએ પણ રહેણાંકના તથા વાણિજય દબાણો કરવામાં આવેલ હતા. આ દબાણો કલેકટરશ્રી વડોદરા, વુડા તથા પાદરા નગર પાલિકા ધ્વારા તા.૧૫/૧૨/૦૮ થી તા.૧૬/૧૨/૦૮ દરમ્યાન દૂર કરવામાં આવેલ છે. આ દબાણવાળી જગ્યાએ મકાન/દુકાન ધરાવતા ઈસમોએ જરૂરી સુવિધા મળી શકે તે હેતુથી કલેકટરશ્રીના અધ્યક્ષપણા હેઠળ એક બેઠકનુ આયોજન કરવામાં આવેલ હતુ જેમાં સવાલવાળી જમીનમાં વુડા/પાદરા નગર પાલિકા આર્થિક રીતે નબળા વર્ગના ઈસમો માટે આવાસો બનાવે તેવો નર્ણય લેવામાં આવેલ છે. જેથી આ ઝુપડાઓમાં રહેતાં ઈસમોને રહેઠાણની સુવિધા મળી શકે તે માટે સદરહુ જમીન પાદરા નગર પાલિકાને એન.યુ.આર.એમ. હેઠળ આર્થિક રીતે નબળાં વર્ગના ઈસમો માટે આવાસો બનાવવા એટલે કે ફકત વિકાસ માટેના હકકો પાદરા નગર પાલિકાને આપવા જરૂરી નિર્ણય લેવા જરૂરી ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૧૯૪૫):** મોજે. પાદરા તાલુકો વડોદરા પાદરા ટી.,પી. સ્કીમ ન-૨ ના ફાઈનલ પ્લોટ નંબર ૬૧ ની ઈ.ડબલ્યુ.એસ. માટે અનામત રાખેલ જમીનો વુડા નકકી કરે તે શરતે આર્થિક રીતે નબળા વર્ગના ઈસમો માટે આવાસો બનાવવા એટલે કે ફકત વિકાસ માટેના હકકો સાથે પાદરા નગર પાલિકાને આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ અને આ અંગેની આગળની કાર્યવાહી કરવાની તમામ સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

અંતમાં હાજર રહેલ સભ્યશ્રીઓનો આભાર માની સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.

સહી/-
સભ્ય - સચિવ
વ
મુખ્ય કારોબારી અધિકારી
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા.

સહી/-
અધ્યક્ષ
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા.